

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*અનેક તોફાન વચ્ચે પણ એ દીવો પ્રકટે છે,*
*કેજરી સરકાર કેન્દ્રની આંખમાં ખટકે છે.*
*ભટકે છે ભલભલા સત્યવાદી, સત્તાના નશામાં -*
*અન્નાનો વિશ્વાસ, નભે નિશંકુ થઈ લટકે છે...*

### હાઈકુ

*'રાજયપાલ' નું*
*પદ, હવે કયાં ખાલી?*
*નીતિનભાઈ ?!*

*પ્રજા મિલ્કત,*
*હોમાય બલિ કુંડે -*
*'ગૌરવ' નામે...*

### ચિંતન

*મરતક તો તબ જાનિયે, આપા ધરે ઉઠાય ।*
*સહજ શૂન્ય મેં ઘર કરે, તાકો કાલ ન ખાય ॥*

**ઉપરોક્ત સાખી કબીર બીજક ગ્રંથમાંથી લેવામાં આવેલ છે.**

**આ પૃથ્વી પર જન્મ ધરી આવેલ દરેક જીવનનું મૃત્યુ અને તેના સમય નિશ્ચિત જ છે. તેણે કરેલા કર્મોના ફળ રૂપે જ તેને મૃત્યુ પ્રાપ્ત થવાનું છે. ગમે તેટલા પ્રયત્ન કરવા છતાં તેને કોઈ ટાળી શકાતું નથી. પરંતુ કબીર ખરું મરણ કોને કહેવું તે વિશે વાત કરતાં કહે છે કે જીવનનું ખરું મરણ ત્યારે જ માનવું જ્યારે માણસનું 'હું પણું' દૂર થાય. જેનું મન શૂન્ય રૂપ થઈ જાય - મતલબ કે તેના મનમાંથી આ દેખીતી દુનિયા ને લગતા સર્વ સવાલ દૂર થઈ જાય. તેને સાચું મરણ જાણવું. આવા જીવને કાળ પણ કદી આંબી શકતો નથી. તે જીવ પ્રભુને શરણે જ જાય છે.**

### સુવિચાર

- પુસ્તકો સેવીએ ત્યારે આપણને માલૂમ પડે છે કે આપણને પાંખો ફૂટી છે - **હેલન હેઈઝ**
- પિતા એટલે કુદરતે આપેલો બેન્કવાળો - **ફ્રેન્ચ સુભાષિત**
- પૂજાવાના લોભે અને ધનનો લોભે સાધુ પુરુષોમાં પણ પાખંડ પ્રવર્તે છે - **વલ્લભાચાર્ય**
- જયાં સૂર્ય પ્રકાશ નથી, ત્યાં પડછાયો પણ નથી - **મુંબઈ સમાચાર**
- દુષ્ટ ને સજા કરવાનું બુમરાણ મચાવનાર મેં ઘણા જોયા, પણ નિર્દોષને નિર્દોષ જાહેર કરવાની ચિંતા કરનારા બહુ ઓછાં જોયા - **ઈશ્વર દત્ત**
- ઉપનિષદો કહે છે કે ત્યાગીને ભોગવો,
  પણ ત્યાગીને ભોગવવાનું તો એક માત્ર માતા જ જાણે છે - **ઉમાશંકર જોશી**
- આજનું ઔષધ : દરાજથી રાહત પામવા લીમડાના પાનને દહીંમાં વાટી લગાડતા.

*(સંકલન : દિપક વી. આશરા)*

### બોધકથા

સાંજના નવરાશના સમયે નહેરુ ઉદાસ હતા અને ગાંધીજીને લાગ્યું કે કંઈક ગરબડ છે. તેમણે નહેરુને પૂછ્યું, 'કેમ ઉદાસ અને ચૂપ છો ?' તબિયત સારી નથી કે શું ? બાપુનો પ્રશ્ન સાંભળી નહેરુની આંખમાં આંસુ આવ્યા. અને બાપુને કહ્યું, 'મેં મારા જીવનમાં ખુબ સુખસાહેબી જોયા છે, આલિશાન મહેલ જેવા મકાનમાં રાજકુંવર જેવો ઠાઠ મેં માણ્યો છે. વિદેશમાં ઉચ્ચ અભ્યાસ કર્યો છે. એક માંગતા અનેક મળે તેવું જીવન મેં જોયું છે પરંતુ...'

બાપુએ પૂછ્યું 'પરંતુ...' નહેરુએ વાત આગળ કરતાં કહ્યું, 'જ્યારે મેં મારા દેશવાસીઓની ગરીબી તથા તેમણે સહન કરેલા અંગ્રેજોના જુલમ જાણ્યા ત્યારે મને મારી શ્રીમંતાઈ કડવી લાગી છે, મેં બંધ આંખે ફક્ત અમીરી જ ચાખી છે, મને મારી આવી સુખ સાહેબી તરફ હવે નફરત થઈ ગઈ છે.' મારી ઉદાસીનું એ જ કારણ છે....

ગાંધીજીએ કહ્યું, દેશવાસીઓની દયનીય સ્થિતિ તમે ઓળખી શક્યા એ જ મહત્ત્વની વાત છે. હવે તમે પણ આપણા દેશવાસીઓમાં ભળી જાઓ. સાદગીના સહારાથી તમારા મનને માત્ર શાંતી જ નહીં પરંતુ ખુશી અને આનંદ પણ મળશે...' ત્યારથી નહેરુએ બાપુ એ ચીંધેલા સાદા જીવનની કેડી પર ચાલવા નિર્ણય કર્યો. અને બાપુના 'પંચશીલ'ના સિદ્ધાંતોનો ફેલાવો કર્યો.

# એનડીએમાં ભંગાણનો આરંભ

**તંત્રીસ્થાનેથી...**

ગઠબંધન રાજનીતિમાં ગઠબંધન ધર્મ પણ સમાઈ જાય છે. જયારે નાના રાજકીય પક્ષો મોટા રાજકીય પક્ષ સાથે જોડાય છે ત્યારે તેમની કેટલીક વણલખી અપેક્ષાઓ પણ એમની સાથે જોડાતી હોય છે. જયારે મોટો પક્ષ એ અપેક્ષાઓ પ્રત્યે ઉપેક્ષા કેળવે ત્યારે અસંતોષ પ્રગટે છે. આ અસંતોષ પ્રારંભિક તબક્કામાં થોડાં ઘણાં થાબડભાણાં કરી હલ કરી શકાય છે પણ જયારે વારંવાર પોતાને હાંસિયે ધકેલાતા હોવાનું લાગે ત્યારે નાના પક્ષો જોખમ વહોરીને પોતાનું અલગ અસ્તિત્વ ટકાવી રાખવા કોશિશ કરતા હોય છે. શિવસેના અને ભારતીય જનતા પાર્ટી વચ્ચેના સંબંધોમાં આવેલ ખટાશ પાછળ પણ આ જ માનસિકતા કામ કરી રહી છે. જયારે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ 'હિંદુ રાષ્ટ્ર'ની ફેન્ટસી સાથે દેશભરમાં સ્વયંસેવકોની શાખાઓ વિસ્તારમાં પડ્યો હતો અને એની રાજકીય પાંખ જનસંઘને હજી પૂરો જન પ્રતિભાવ નહોતો મળ્યો ત્યારે મુંબઈના ગુજરાતી અખબાર 'જનશક્તિ'માં કાર્ટૂનિસ્ટ તરીકે સેવાઓ આપતા બાળાસાહેબ ઠાકરેએ 'મરાઠી માણૂસ' સાથે શિવાજીની 'હિંદુપત પાદશાહી' ની વિચારધારા જોડીને 'શિવસેના' નામનું આક્રમક હિંદુ સંગઠન ઊભું કરી મુંબઈ જેવા દેશના આર્થિક પાટનગરમાં કોંગ્રેસ અને ડાબેરીઓને માત આપવાનો નિરધાર કર્યો. બાલ ઠાકરેના હુલામણા નામે ઓળખાતા આ મરાઠી અસ્મિતાના ઝંડાધારી કાળક્રમે ઝુઝારુ પ્રાદેશિક નેતા તરીકે ઊપસી આવ્યા. શિવસેનાએ રાષ્ટ્રીય કક્ષાએ ઊપસી રહેલ જનસંઘ અને એના નવા અવતાર ભારતીય જનતા પાર્ટીએ કોંગ્રેસના ગઢ સમાન મુંબઈ અને મહારાષ્ટ્રમાં એક પ્લેટફોર્મ પૂરું પાડી હિંદુત્વની રાજનીતિને વ્યાપક બનાવવાનો પ્રયાસ કર્યો. હિંદુત્વના મુદ્દે લડનારને બાલ ઠાકરે જેવો ઝુઝારુ અને સ્પષ્ટવક્તા નેતા કદાચ આ દેશમાં થયો નહોતો અને થશે કે કેમ તે પ્રશ્ન છે. એમણે કયારેય સ્વમાનના મુદ્દે સમાધાન નહોતું કર્યું.

મહારાષ્ટ્ર અને મુંબઈમાં ભારતીય જનતા પાર્ટીએ એમની પાર્ટીને 'મોટા ભાઈ'ની પાર્ટી ગણી પોતે એની આંગળી પકડી આગળ વધવામાં જ શ્રેય જોયું હતું. વાજપેયી અને અડવાણી જ નહીં બલકે કોંગ્રેસના ધુરંધર નેતાઓ - શરદ પવાર આણિ મંડળી પણ બાલ ઠાકરેની કૃપાદૃષ્ટિ મેળવવા 'માતોશ્રી' નાં પગથિયા ઘસતાં રહ્યા છે. શિવસેનાના વાઘની વિદાય પછી એમાં કૌટુંબિક વિગ્રહ ચાલ્યો. ઉદ્ધવ ઠાકરે વાઘનું બચ્ચું છે વાઘ નથી. રાજ ઠાકરેએ જુદો ચોકો માંડેલો છે. બેઉ પિતરાઈઓ વારંવાર વાઘ જેવાં ઘૂરકિયાં કરતા રહે છે. ભારતીય જનતા પાર્ટીનું સુકાન નરેન્દ્ર મોદી હસ્તક આવ્યા પછી આ સ્થિતિનો ગેરભાલ લેવાનું શરૂ થયું. ભાજપે એના સૌથી જૂના, સૌથી મોટા અને સૌથી વફાદાર હિંદુત્વવાદી પક્ષ સાથે દરેક મુદ્દે અપમાનજનક વ્યવહાર શરુ કર્યો. આથી છંછેડાયેલા ઉદ્ધવ ઠાકરેએ વારંવાર મોદી પર સીધાં નિશાન તાક્યાં છે. મહારાષ્ટ્રની વિધાનસભાની ચૂંટણી અને આગામી લોકસભાની ચૂંટણી એકલા હાથે લડી લેવાની જાહેરાત કરીને રીતસર એનડીએ સાથેનું ગઠબંધન તોડી નાખ્યું છે. મહારાષ્ટ્રમાં હાલ ભાજપ-શિવસેનાની ગઠબંધન સરકાર છે. તે જ રીતે મુંબઈ મહાનગરપાલિકામાં પણ આ યુતિ કાર્યરત છે. ઉદ્ધવ ઠાકરેએ પોતાનું મહત્ત્વ અને વજૂદ અકબંધ રાખવું છે અને ભાજપ તથા એની નેતાગીરી મહારાષ્ટ્ર પૂરતાં પોતાને આગળ કરીને ચાલે એવી મંશા ધરાવે છે. ભાજપે લોકસભામાં તેમજ મહારાષ્ટ્રની ચૂંટણીમાં પણ શિવસેનાને માત આપ્યા પછી હવે તે 'નાનાભાઈ' ના રોલમાં રહેવા તૈયાર નથી. શિવસેના આ વાત બરાબર સમજી ચૂકી છે એટલે એણે કેસરિયાં કરવાનો નિર્ણય કર્યો છે. શિવસેનાએ ગઠબંધન સાથે છેડો ફાડી શરદ પવાર અને કોંગ્રેસ માટે મહારાષ્ટ્ર જેવા મોટા રાજયમાં સાનુકૂળ પરિસ્થિતિ સર્જી છે. શિવસેનાના પગલે બીજા કેટલાક પ્રાદેશિક પક્ષો પણ ભાજપની જોહુકમી સામે અવાજ ઉઠાવે એવી પૂરી શક્યતા છે.

# હાડકાં પોલા થાય છે?




આપણું શરીર એક ફેક્ટરી જેવું છે. આ ફેક્ટરી સતત કાર્યરત રહે છે. ફેક્ટરીના અલગ અલગ યંત્રો સીસ્ટમ પોતપોતાની રીતે કાર્ય બજાવે છે. આ ફેક્ટરીના યંત્રોને જરૂરી ઈંધણ ખોરાક મારફતે મળી રહે છે. બીજી દરેક ફેક્ટરીની જેમ આ શરીરરૂપી ફેક્ટરીમાં પણ એક માઈનસ પોઈંટ છે કે જેમ જેમ સમય પસાર થાય તેમ તેમ આ ફેક્ટરીના યંત્રોને ઘસારો લાગવા લાગે. આ ઘસારાના અનેક સ્વરૂપો છે, જેમકે વાળ સફેદ થવા, ચામડી પર કરચલીઓ પડવી, સ્ફૂર્તી ઓછી થવી, કાન તથા આંખો નબળી પડવી, હાડકા ગળવા આદિ... આજે આપણે આપણી ફેક્ટરીના આવા જ એક ઘસારા વિષે વાત કરવાના છીએ. એ છે શરીરના હાડકા પોલા થવા અથવા હાડકા ગળવા. અંગ્રેજીમાં આ પરિસ્થિતિ ને ઓસ્ટીઓ પોરોસીસ કહે છે. ઓસ્ટીઓપોરોસીસ. એક અંદાજ પ્રમાણે ભારતમાં એક કરોડથી પણ વધુ ઓસ્ટીઓપોરોસીસના દર્દીઓ છે.

ઓસ્ટીઓપોરોસીસ એટલે શું? ઓસ્ટીઓપોરોસીસ એટલે હાડકા ગળવા. જ્યારે આપણે આપણા હાડકાને માઈક્રોસ્કોપ નીચે જોઈએ ત્યારે આપણને મધપૂડા જેવી રચના દેખાય. ઓસ્ટીઓપોરોસીસમાં આ મધપૂડામાં ના જે છીદ્રો હોય તે ખૂબ મોટા થઈ ગયેલા દેખાય છે. આપણા શરીરમાં હાડકા બનવાની (ઓસ્ટીઓબ્લાસ્ટ) અને હાડકા ઓગળવાની (ઓસ્ટીઓક્લાસ્ટ) પ્રક્રીયા સતત ચાલું હોય છે. સામાન્યતઃ ૪૦ વર્ષની ઉંમર પછી હાડકા ગળવાની પ્રક્રિયા વધું ઝડપી બની જાય છે. ખાસ કરીને સ્ત્રીઓમાં અને તેમાય ખાસ કરીને સ્ત્રીઓમાં માસિક બંધ થયા પછી વધુ ઝડપથી હાડકા ગળે છે.



**પહેલું સુખ તે જાતે નર્યા**

**ડૉ. કેદાર ઉપાધ્યાય**

**● ઓસ્ટીઓપોરોસીસના કારણો :**

શરીરમાં કેલ્શીયમ અને વિટામીન-ડી ની કમી હોવી - વધું પડતી સ્ટીરોઈડ દવાઓ લેવી - ટેસ્ટોસ્ટેરોન, થાયરોઈડ આદિ હોર્મોનની કમી હોવી - આહારમાં ખાંડ તથા મીઠાનો વધુ પડતો ઉપયોગ કરવો - સીગરેટ, તમાકુ આદિનું વધું પડતું સેવન - શ્રમરહિત જીવન જીવવું - અમુક પ્રકારના રોગો જેવાકે આર્થરાઈટીસના કારણ સ્વરૂપ પણ ઓસ્ટીઓપોરોસીસ થઈ શકે

**● ઓસ્ટીઓપોરોસીસના ઉપાયો :**

- આહારમાં કેલ્શીયમ યુક્ત પદાર્થોનું નિયમીત સેવન કરવું જેમકે દૂધ અને દૂધની બનાવટો, કેળા, તલ, સુકો મેવો, આદિ...
- નિયમીત તડકાનું સેવન કરવુ
- તેલ માલીશ કરવું
- શરીરનું વજન વધવા ન દેવું
- રોજ શરીર બળ અનુસાર શારીરિક શ્રમ કરવો
- નારિયેળ પાણી, નારિયેળનું તેલ અને સફેદ અથવા કાળા તલનો નિયમીત ઉપયોગ કરવો
- ગોદન્તી ભસ્મ, શતાવરી, કાંટાસેરીયો, અશ્વગંધા, લાક્ષાદિ ગુગળ, આદિ ઔષધોમાંથી શરીરની પ્રકૃતિને અનુકૂળ હોય તેવા ઔષધોનો યોગ્ય માત્રામાં ઉપયોગ કરી શકાય.

- contact@atharvaayu.com

# ગુજરાતી સાહિત્ય પરિષદના ૪૯મા અધિવેશનની આડીતેડી વાતો

**છેલ્લો મણકો**

અત્યાર સુધી આપણે અધિવેશનની ઉદઘાટન બેઠક, પહેલી બેઠક અને ત્રીજી બેઠકની વાતો કરી.આ બધી વાતો હું સારી રીતે કરી શક્યો કારણ કે તેમાં હું પેન અને પેડ સાથે હાજર હતો. નાટકવાળી બીજી બેઠકમાં ( જે અગાઉ જણાવ્યા મુજબ ખરેખર ત્રીજી બની ગઈ હતી.) હું સદેહે હાજર હતો,પણ પેન અને પેડ રોહિણી સાથે એના રૂમમાં ભાગી ગયા હતા. આમ છતાં હથિયાર વગરનો રાજપુત થોડુઘણું તો લડે જ છે, ઝટ હાર સ્વીકારતો નથી. ( કોઈ કોઈ વાર વિજયી થયાના પણ દાખલા છે.) તેમ હું કેવળ યાદશક્તિના આધારે બની શકે તેટલી વિગતો જણાવવાની કોશિષ કરીશ.

આ બેઠકનો વિષય હતો, સાહિત્ય સ્વરૂપઃ નાટક. તેના અધ્યક્ષ હતા, પરેશ નાયક અને સંચાલક હતા ધ્વનિલ પારેખ. પરેશભાઈ ગુજરાતીના નાટકના જ્ઞાતા છે. તેમણે જૂની ભવાઈથી માંડી ને દેશી નાટક મંડળીઓના નાટકથી લઈને 'રે મઠ' ના નાટકો સુધીની ક્રમબધ્ધ વિગતો આપી. તેમના જણાવ્યા મુજબ રસિકલાલ છોટાલાલ પરીખ પછી વ્યવસ્થિત નાટકો લખાયા અને ભજવાયા પણ ખરા. તેમનું પહેલું નાટક હતું 'રૂપિયાનું ઝાડ'(૧૯૩૧). પણ તેમને ખરી પ્રસિધ્ધિ મળી 'શર્વિલક' (૧૯૫૭) અને 'મેનાગુર્જરી'(૧૯૫૭)થી.શર્વિલક શુદ્રકના 'મૃચ્છકટિક' ઉપરથી અને 'મેનાગુર્જરી' તો ગુજરાતી લોક ગરબાને આધારે લખાયું છે. મેનાગુર્જરીનું કથાનક પ્રાચીન ગરબાના ચાહકો માટે સહેજે અજાણ્યું નથી. બંને નાટકોમાં સત્તાધીશો સામે અવાજ ઉઠાવવાની વાત છે.(જાણે અજાણ્યે આ વાત પહેલી બેઠક સાથે જોડાઈ જાય છે.) આગળની વાત માટે મધુ રાય હાજર હતા એટલે ચર્ચાનો દોર તેમણે રાયને સોંપ્યો.

મહેશભાઈ ચંપકલાલને 'જૂની-નવી રંગભૂમિના સંક્રાતિબિંદુઓ' વિષયમાં બોલવાનું હતું તેમણે આખું વક્તવ્ય સડસડાટ વાંચી કાઢ્યું એટલે સાંભળનારા થોડાક કંટાળ્યા ખરા. પણ જૂની રંગભૂમિ પ્રાણલાલ વ્યાસ, જયશંકર સુંદરી,જસવંત ઠાકર, આઈએનટીના નાટકો, પ્રવિણ દેસાઈની ભૂમિકા વગેરેની વાતો તેમણે કરી હોય તેવું યાદ આવે છે.

શ્રી મધુ રાયને 'મારાં નાટકો, મારા સમકાલીન નાટ્યકારો અને મારી નાટ્યવિભાવના' એવો સુંદર વિષ્ય સોંપવામાં આવ્યો હતો. જેને તેમણે એટલો સુંદર રીતે પ્રગટ કર્યો કે શ્રોતાઓ ખુશખુશાલ થઈ ગયા. રે મઠના લેખકો લાભશંકર ઠાકર, ચીનુ મોદી,આદિલ મંસુરી વગેરેએ સાથે મળીને તેમણે નવા નાટકોની શરૂઆત કેવી રીતે કરી એને કેવા પ્રતિભાવો મળ્યા તે પણ જણાવ્યું.સ્ક્રીપ્ટ વગર પહેલા નાટક ભજવવાનું અને પછી સ્ક્રીપ્ટ તૈયાર કરવાની વાત જ સાવ અનોખી હતી. પીળું ગુલાબ અને હું નાટક કેવી રીતે બનેલું તે પણ જણાવ્યું.એકવાર રઘુવીરભાઈ ચૌધરી પણ આમાં સામેલ થયા હતા તેની વાત ઉખેળી ફરી એકવાર રઘુવીરભાઈને આવા ડેમો માટે ઊભા કર્યા. પણ સામે પક્ષે નવોદિત બહેન થોડા કાચા પડ્યા. છતાં શ્રોતાઓએ ઘડીભર પ્રેક્ષકો બનીને આ આખોયે કિયાકાંડ બહુ આનંદથી માણ્યો. રઘુવીરભાઈ આવા પ્રપંચ મટે તુરત તૈયાર થયા એ ઘણી મોટી વાત છે. મધુ રાયને સાંભળવાની કાયમ મઝા આવે છે.

પરેશ નાયક સમાપન કરતા હતા ત્યારે શ્રોતાગણમાંથી પ્રશ્ન આવ્યો કે બધી વાતો 'રે મઠ' ના નાટકો સુધી આવીને અટકી કેમ જાય છે.તેની આગળ થયેલી કામગીરીની કોઇ ચર્ચા કેમ કરવામાં આવી નહીં ? પરેશભાઈએ તેમને સોંપવામાં આવેલા વિષયને અનુલક્ષીને ખુલાસો કરવા પ્રયત્ન કર્યો પણ સાંભળનારા સંતુષ્ટ થવાને બદલે વધુ સક્રિય થયા.ચર્ચા ઉગ્ર રૂપ ધારણ કરે તેવો સંભવ હતો પણ અધ્યક્ષે એટલી કુનેહથી સમગ્ર પ્રશ્ન પર ઠંડુ પાણી રેડી દીધુ કે બંને પક્ષોએ કંઈ કહેવાનું ના રહ્યું.તેમણે જ્યારે કહ્યું કે '' અહીં આવી ચર્ચા થઈ શકે છે. આવા પ્રશ્નો ઉઠાવી શકાય છે. આ પરિષદ છે.'' ત્યારે બધાયે હકારમાં ડોકા હલાવવા પડ્યા.

અધ્યક્ષે પહેલી બેઠક દરમ્યાન તેમના અધ્યક્ષીય પ્રવચનના સંબોધનમાં છેલ્લે બેઠેલા વિધ્યાર્થીઓનો ઉલ્લેખ કરેલો.જે અધ્યાપકો તેમને લઈને આવેલા તેમને ખાસ બિરદાવ્યા હતા. બીજી બેઠકમાં તેનું પરિણામ પણ આવ્યું. ભાવનગર અને આણંદથી આવેલા વિધ્યાર્થીઓને પહેલી હરોળમાં બેસાડવામાં આવ્યા અને પોતે આ વિધ્યાર્થીઓની પાછળ બેઠા. આ એક નવી બાબત હતી.



**મનના ઉમંગો**

**રણછોડ પરમાર**

થોડીક વાત હૈદ્રાબાદ અને સિકંદરાબાદની પણ કરી લઈશું ?

આ બંને શહેરોની એક ખાસિયત એ જોવા મળી કે અહીં મહિલાઓ ગળામાં સોનાની ચેનો પહેરીને કોઈ ડર વગર ફરે છે. કહેવાય છે કે રાતના બાર વાગ્યા પછી પણ તેઓ નિર્ભય થઈ ઘેર જઈ શકે છે. (આપણને એવું ઠસાવવામાં આવ્યું છે કે ગુજરાતમાં જ આવું બની શકે છે.) બંને શહેરોમાં મુસ્લીમોની વસતી એંસી ટકા હોવા છતાં આવું કેવી રીતે બની શકે છે તે સમજવું અઘરું કેમ લાગે છે ?

રિક્ષાવાળા આપણા અમદાવાદ-ગાંધીનગર જેવા જ છે. ટૂંકમાં બધું સમજી જાજો. રસ્તા ઉપર ચા-પાન-નાસ્તાના ગલ્લા-લારી બહુ જુજ છે. વહેલી સવારમાં તમને ચા પીવાની અથવા ભારે ભોજન લઈને પાન ખાવાની આદત હોય તો બહુ આઘે સુધી ચાલવું પડે છે.સાદા પાન એકદમ સાદા મળે છે.આ વખતે અમને ઉજમશીભાઈની ખોટ બહુ સાલી. જમ્યા બાદ તુરત તેઓ સિગારેટ પીવા બહાર નીકળતા. સવારે પણ ચા પીને સિગરેટ પીતા. તેમની વાતો તો હવે સંભારણાની ચીજ બની ગઈ.

કરાંચી બેકરીના બિસ્કીટ બહુ પ્રખ્યાત છે. લગભગ બધા પ્રવાસીઓએ તે ખરીદ્યા હતા. મૂળ દુકાન કરતા બીજેથી લેવામાં બહુ મોંઘા પડે છે તેવું જણાયું.

પહેલા દિવસની રાત્રે ફિલ્મી ગીતોનો કાર્યક્રમ હતો. બીજા દિવસે જળને પડદે નાટક હતું ગીતોનો કાર્યક્રમ બહુ ઓછા લોકોએ છેલ્લે સુધી જોયો હશે. (સાંભળ્યો હશે એવું એટલા માટે નથી લખ્યું કે ઘણાએ રૂમમાં આવી સૂતાં સૂતાં સાંભળ્યો હતો.) નાટક અદભુત હતું. કલાકારે બધાના મન મોહી લીધા. અંત લગી કોઈ ટસ કે મસ ના થઈ શક્યું.

સંસ્થાના પ્રમુખથી માંડીને દરવાજે ઊભેલા ચોકીદાર , તમામ ભાઈ-બહેનો , આપણા સભ્યો જે વાત પૂછે તેનો શાંતિથી સાચો ઉત્તર આપતા હતા. જેને લીધે કોઈને બીજા રાજ્યમાં આવ્યાં છીએ એવું લાગ્યું નહી. બહાર ફરવા જનારાને સાચું માર્ગદર્શન મળ્યું અને પૈસા પણ બચ્યા.

સંસ્થાની કેંટીનમાં ઉત્તમ ગુજરાતી ભોજન પીરસવામાં આવે છે. અમે ગયા ત્યારે એટલે કે એકવીસમીની બપોરે અને પાછા આવ્યા ત્યારે છવ્વીસમીની બપોરે જમવાનો મોકો મળ્યો હતો. તેના દાળ, શાક અને કઠોળનો સ્વાદ દાઢમાં રહી ગયો છે. સિકંદરાબાદ જાવ તો એકવાર જરૂરથી તેનો આનંદ માણજો. મહેમાનોને આપેલા ભોજન તો હંમેશની જેમ ઉત્તમ હતા.

(સંપૂર્ણ)

# વિદ્યાર્થીની સર્જનાત્મક શક્તિને વિકસાવવામાં આવે તો ઉત્તમ પરિણામ મળે

*ખીલું ખીલું કરતાં માસૂમ ગુલ સમ શિક્ષકને સોંપાણા*
*કારાગાર સમી શાળાના કાષ્ટ ઉપર ખડકાણાં.*
*વસંત-વર્ષા-ગ્રીષ્મ-શરદના ભેદ બધાય ભૂલાણાં,*
*જીવન મોહ તથા લઘુત્તમ પ્રગતિપદ છેદાણાં.*
*તે દિન આંસુભીનાં રે હરિનાં લોચનિયાં દીઠાં!!*

**- કરસનદાસ માણેક**

● ● ●

લખનૌમાં વિદ્યાર્થીનીએ માત્ર સ્કૂલમાં રજા પડે એ માટે પહેલા ધોરણમાં ભણતા બાળકને ચાકુ માર્યાની ઘટના બહાર આવી... આવી ઘટનાઓ જ એ સાબિત કરે છે કે બાળક શિક્ષક અને શાળાથી કંટાળ્યા છે. એને મુક્તિ જોઈએ છે. હજારોમાં એક બાળક પણ એવું નહીં જોવા મળે કે જે હોંશે હોંશે શાળામાં જવા રાજી હોય. ભાગ્યે જ કોઈને શાળા ગમતી હોય. શાળાએ જવાની વાત આવે ને બાળકને ઠંડી ચડી જાય. દોડતા... ઉછળતાં...નાચતાં... બાળકનો ઉત્સાહ શાળાનું નામ સાંભળતાં ઓસરી જાય. રડે.. કકળે... શક્ય હોય એ બધા જ વિચારો નોંધાવે... બધા જ આ વાસ્તવથી વાકેફ છે. જેને આપણે 'શિક્ષણ' કહીએ છીએ એમાં કશુંક ખૂટે છે.

*॥ સા વિદ્યા યા વિમુક્તયે ॥*

મુક્તિ અપાવે તે વિદ્યા... અંધકારનો નાશ કરેએ વિદ્યા... આત્મ વિશ્વાસુ બનાવે એ વિદ્યા... મનને આનંદિત અને આત્માને ખીલવે એ વિદ્યા... માનવ્યને મ્હેંકાવેએ વિદ્યા...

પહેલી નજરે 'શિક્ષણ' એટલે 'શીખવું.' આમ તો બાળક જન્મતાંની સાથે જ શીખવાની પ્રક્રિયા શરૂ કરી દે છે. ખાતો-પીતો, બોલતાં-ચાલતાં, પ્રતિક્રિયા આપતાં સહજપણે શીખી જાય છે. ઔપચારિક શિક્ષણ આપતાં પહેલાં બીજા સાથે વાતચીત કેમ કરવી, સંપ-સહકારથી રહેતાં તથા અનુશાસન શીખવવું જરૂરી છે. બાળક કોઈ પણ કારણોસર સ્વાર્થી, સંકુચિત, ડરપોક, અવિવેકી કે ઉદ્ધત ન થઈ જાય તેની કાળજી રાખવી જરૂરી છે. ભણતર એવું ન હોય કે જેનાથી શિક્ષક પરત્વે અરૂચિ પેદા થાય. બાળકને ભણવાનું, ગૃહકાર્યનું કે ટ્યુશનનું ટેન્શન ન હોય.

આજે બાળક શાળા કે શિક્ષણ પ્રત્યે અણગમો કે નિરુત્સાહ દાખવે છે એ માટે મા-બાપ તેમની શિક્ષણ જગત જવાબદાર છે. ઊંચા ગુણાંક મેળવવાની ખોટી અપેક્ષાઓ... તેમજ પોપટીયું જ્ઞાન આપનારી શિક્ષણ સંસ્થાઓ... પરિણામે બાળકને ભણતર જ સજારૂપ લાગે છે. આજે બધે જ સમજણ અને કેળવણીને બદલે ટકાવારીમાં જ સાચું શિક્ષણ દેખાય છે. આજની પરીક્ષા પદ્ધતિ એટલે એક માત્ર યાદદાસ્તની ચકાસણી. આમાંથી કયારે બહાર આવીશું ?!!

વિદ્યાર્થીની યાદશક્તિનું મૂલ્યાંકન કરવાને બદલે તેમની નિરીક્ષણશક્તિ, કલ્પનાશક્તિ, સર્જનાત્મક શક્તિને વિકસાવવામાં આવે તો ઉત્તમ પરિણામ મળે.

આજે શિક્ષણ એક ઉદ્યોગ જ છે. ભૌતિક સુવિધા સંપન્ન અદ્યતન શૈક્ષણિક સંકુલો ચારેબાજુ વિકસી રહ્યાં છે. શિક્ષણ સાથે સ્નાનસૂચક ન હોય એવાયે શિક્ષણના પ્રહરી તરીકે પોંખાવા લાગ્યા છે. ગાડરિયા પ્રવાહમાં તણાતો સમાજ ઊંચું પરિણામ લાવનારી શાળાઓને શ્રેષ્ઠ શાળા ગણે છે. પોતાના સંતાનને આવી શાળામાં ભણાવવા મથે છે. પરંતુ દોસ્તો, પરિણામનો માપદંડ ભ્રામક હોઈ શકે છે. શિક્ષક સારો કે નબળો એ માર્કશીટ ઉપરથી સાબિત ન થઈ શકે, મારા મતે તો વિદ્યાર્થી જે શિક્ષકનો પિરિયડ જલદી પૂરો થવાની રાહ જુએ એ નબળો શિક્ષક અને જેનો પિરિયડ શરૂ થવાની રાહ જોતા બેઠા હોય એ સારો શિક્ષક. એ જ રીતે સારી શાળાએ કહેવાય જયાં જવા બાળક ઉતાવળો થાય અને રજાનો દિવસ એને ગમતો ન હોય.



**લાગણીનો મેળો**

**રસિક વાળંદ**

શિક્ષણ - શાળા ઉપરાંત મિત્રોનો સંગ, ઘરનું તંગ વાતાવરણ, પરિવાર તરફથી પ્રેમ અને પ્રસન્નતાનો અભાવ જેવી બાબતોની માઠી અસર બાળક પર પડતી હોય છે.

મિત્રો, બાળક શાળામાં પાંચ-છ કલાક બાદ અઢાર-ઓગણીસ કલાક મા-બાપ તેમજ સમાજમાં હોય છે. મા-બાપે માત્ર બાહ્ય જરૂરિયાતો પૂરી પાડીને છૂટી જવાનું નથી. બાળકો સ્વચ્છંદી, ઉચ્છૃંખલ બનવા પાછલ મા-બાપનો દાબ ઘટ્યા છે. સંભાળ ઓછી થઈ છે. કયાંક વધુ પડતા લાડ-પ્યારને કારણે બાળકો બગડ્યાં છે તો કયાંક પ્રેમના અભાવે બાળકો તોફાની બન્યાં છે, કયારેક વધુ પડતા દબાણને કારણે સંતાન હાથમાંથી છૂટી જાય છે. આ બધું વિચારતાં એક વાત સ્વીકારવી રહી કે, 'આપણને બાળકો ઉછેરતાં આવડતું નથી.'

પૈસા કમાવવાની કુશળતા હસ્તગત કરી શક્યા. પ...ણ... બાળઉછેરની જવાબદારીમાં વામણા પુરવાર થયા. Job માટે Full Time ખરા પરંતુ બાળક માટે Part Time મા-બાપ રહ્યા. આજ કારણે જયારે બાળક મોટું થઈને ચપ્પુ રમાડે, કશુંક ચોરી લે, કે કશુંક ખોટું કરી બેસે ત્યારે મા-બાપને આઘાત લાગે છે. અને મનોમન વિચારે છે કે મારું સંતાન આવું?!!

દોસ્તો, મા-બાપ તરીકે બાળકને વધુ ને વધુ સમય આપો. બાળકને બોજ ન માનો. તમે શિક્ષક પાસે ધકેલો ને શિક્ષક પાછો ઘેર ધકેલે... આમાંથી છૂટવા બાળક કોઈ ત્રીજી જ જગ્યાએ વળી જશે. બીજું એ પણ સમજી લે જો કે માત્ર પૈસો... પૈસો કરી પૈસા પાછળ દોડનારાઓના હાથમાંથી પરિવાર છૂટી જતો હોય છે. આજે સંયુક્ત કુટુંબ રહ્યા નથી જયાં દાદા-દાદીની શીખી છાયા સંતાનોને મળતી. આજના વિભક્ત કુટુંબમાં ખાલીપો ખખડે છે. કશુંક ખૂટે છે... પૈસે ટકે સુખી સંપન્ન સંતાનો Study Roomમાં એકલાં એકલાં હિઝરાય છે. કુછંદે ચડેલા બાળકો પ્રેમ ઝંખે છે. એમની પડઘાતી વેદના પોકારી રહી છે...

'મને પ્રેમ કરો... મને પ્રેમ કરો...!!!'

***સ્પર્શમણિ***

શિક્ષણ સમયાતીત ધર્મ છે : શિક્ષણ માનવ બનાવે છે, શિક્ષણ મહાન બનાવે છે,

શિક્ષણ મુક્તિ અપાવે છે. શિક્ષણથી જીવન મંગલમય બને છે.

● ● ●

શિક્ષણ એટલે સત્યમ્ શિવમ્ સુંદરમ્

માનવ સત્યનું આચરણ કરે, અન્યનું શિવ ઈચ્છે અને જગતને સુંદર બનાવે.

- rasikvaland1965@gmail.com